સાંકડું હૃદય અને ઉચ્ચ સંસ્કાર એક સાથે નથી રહી શકતા
- કાળસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૦ ૨૩ ડિસેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; પોષ સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# બીબીએ કોલેજમાં પ્લેસમેન્ટ શિબિર યોજાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસની બી.બી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનમાંઆજે સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમ્યાન પ્લેસમેન્ટ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં કોલેજના ૪૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવાયા હતા. અને તેમાંથી પસંદગી પામેલ વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨૫,૦૦૦ ના માતબર પગારથી નોકરીઓ આપવામાં આવશે.

બીબીએ કોલેજમાં યોજાયેલ આ પ્લેસમેન્ટ શિબિરમાં 'પ્લેસમેન્ટ ઓપ્ટીમેક્સ પેસ્ટ મેનેજમેન્ટ' અને 'રિલાએબલ ફર્સ્ટ' જેવી નામાંકિત જોબ પ્લેસમેન્ટ એજન્સીઓએ ભાગ લીધો હતો. આ એજન્સીઓએ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લીધા હતા જેમાંથી પસંદગીના ઉમેદવારોને વિવિધ ક્ષેત્રની કંપનીઓમાં નોકરી આપવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા તથા વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ સફળ કામગીરી બજાવી હતી.